# વોર્ડ નં. ૬માં બંને પક્ષે ક્રોસ વોટીંગનો ભય

## પરંપરાગત મતદારોના આધારે ભાજપ વિજય માટે દઢ વિશ્વાસ ધરાવે છે, જ્યારે કોંગ્રેસની મથામણ પણ નોંધપાત્ર છે





**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

વોર્ડ નં. ૬માં સેક્ટર-૭, ૮, ૯, ૧૧, ૧૨ અને ધોળાકુવા વિસ્તારનો સમાવેશ થાય છે. ૧૬,૧૬૯ મતદારો ધરાવતા વોર્ડ નં. ૬માં ચાર બેઠકો માટે અગિયાર ઉમેદવારો જંગમાં છે. અહીં ત્રિપાંખીયો જંગ ખેલાઈ રહ્યો છે. ભાજપ, કોંગ્રેસ અને લોક વિકાસ મંચના ઉમેદવારો આક્રમકતાથી પ્રચાર કરે છે. પરંતુ સ્પર્ધા કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જ છે. ડેપ્યુટી મેયર કાર્તિક પટેલની ઉમેદવારીથી મુકાબલો પ્રતિષ્ઠાજનક બન્યો છે. ભાજપમાંથી કાર્તિકભાઈ પટેલ અને કોંગ્રેસમાંથી પિંકીબેન પટેલ સીટીંગ કોર્પોરેટર છે. બાકીના નવ નવા ચહેરા પ્રથમ વખત ચૂંટણી લડે છે.

ભાજપની પેનલનું નેતૃત્વ કરતા ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ ભાજપના સંનિષ્ઠ કાર્યકર હોવા ઉપરાંત શહેર ભાજપના પૂર્વ પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે. જુનિયર ચેમ્બર, કલ્ચરલ ફોરમ અને નહેરુ યુવા કેન્દ્રની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતા કાર્તિક પટેલ મતદારો સાથે બહોળો સંપર્ક ધરાવે છે. આ પેનલના બીજા ઉમેદવાર નાજાભાઈ ધાંધર શહેર ભાજપના ઉપાધ્યક્ષ છે. આ ઉપરાંત સમાજની સામાજીક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જોડાયેલા રહેતા હોવાથી મતદારો નાજાભાઈથી પરિચિત છે. મહિલા બેઠક માટેના ઉમેદવાર સરોજબેન ઠાકોર ધોળાકુવા ગામના મહિલા કાર્યકર છે. ગત ચૂંટણીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ભાજપના સંનિષ્ઠ કાર્યકર શ્રી પંકજજી ઠાકોરના તેઓ ધર્મપત્ની છે. અને અનુસૂચિત જાતિ માટેના મહિલા ઉમેદવાર પાર્વતીબેન પરમાર ભાજપના અનુસૂચિત જાતિ મોરચાના પૂર્વ કન્વીનર અને પૂર્વ કર્મચારી અગ્રણી મધુકર પરમારના પત્ની હોવાને નાતે દલિત મતદારો સાથે પ્રભાવી સંપર્ક ધરાવે છે. આમ ચારેય ઉમેદવારોની પેનલ ડોર ટુ ડોરનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ કરી ચૂકી છે. મતદારોના આવકારથી ભાજપની પેનલમાં વિજયનો વિશ્વાસ વધ્યો છે.

જ્યારે કોંગ્રેસની પેનલનું નેતૃત્વ કરી રહેલા લાલુભા વાઘેલા નિવૃત્ત પોલીસ અધિકારી છે. લાલુભા સેક્ટર-૭-સી નવરાત્રી સમિતિ અને વસાહત મંડળના પ્રમુખ તરીકે વર્ષોથી સેવા આપે છે. પોલીસ કલ્યાણ પ્રવૃત્તિઓ અને રાજપૂત સમાજના માધ્યમથી સતત પ્રવૃત્તિશીલ રહેતા લાલુભા સમગ્ર વિસ્તારમાં મતદારો સાથે સીધો સંપર્ક ધરાવે છે. ધોળાકુવાના કોંગ્રેસના અગ્રણી ઈશ્વરજી ઠાકોર પેનલના સમર્થ ઉમેદવાર છે. ધોળાકૂવાની સામાજીક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતા ઈશ્વરજી ઠાકોર સમાજ અને કોંગ્રેસના માધ્યમથી મતદારો સાથે જોડાયેલા છે. મહિલા બેઠકના ઉમેદવાર સીટીંગ કોર્પોરેટર પિંકીબેન પટેલે મહાનગરપાલિકામાં સતત સક્રિય ભૂમિકા અદા કરી છે. મહિલા કોંગ્રેસની પ્રવૃત્તિઓ ઉપરાંત સામાજીક પ્રવૃત્તિઓમાં અસરકારક વક્તવ્યથી મતદારો સાથે સતત સંપર્કમાં રહે છે. અનુસૂચિત જાતિ માટેની મહિલા બેઠકના ઉમેદવાર રસીલાબેન મકવાણા કોંગ્રેસના સંનિષ્ઠ કાર્યકર નારાયણભાઈ મકવાણાના ધર્મપત્ની હોવાથી કોંગ્રેસ અને અનુસૂચિત જાતિના મતદારો સાથે નોંધપાત્ર સંપર્ક ધરાવે છે. ચારેય ઉમેદવારોની કોંગ્રેસની પેનલે પણ ડોર ટુ ડોરનો રાઉન્ડ પૂર્ણ કર્યો છે. પેનલના દાવા મુજબ સમગ્ર વિસ્તારમાં સારો પ્રતિભાવ તેમને મળ્યો છે.

આ ઉપરાંત લોક વિકાસ મંચ પણ મેદાનમાં છે. સચિવાલયના નિવૃત્ત સંયુક્ત સચિવ કિશોર તામણે ચૂંટણીના મેદાનમાં છે. જીમખાના અને સેક્ટર-૭-ડી નિવૃત્ત અધિકારી મંડળની પ્રવૃત્તિઓ સાથે તેઓ સતત જોડાયેલા રહ્યા છે. કર્મચારીઓ, અધિકારીઓ સાથેનો સીધો સંપર્ક ધરાવે છે. મહિલા બેઠકના નલીનીબેન નાગર પણ મહિલા પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત હોવાથી મહિલા મતદારો સાથે સારો સંપર્ક ધરાવે છે. આ ઉપરાંત રમીલાબેન રાઠોડે પણ અનુસૂચિત જાતિ મહિલા બેઠક પરના ત્રિપાંખીયા જંગમાં ઝુકાવ્યું છે. તેઓ પણ અનુસૂચિત જાતિના મતદારોના પરિચયમાં છે.

વોર્ડ નં. ૬ની ચૂંટણી રસપ્રદ બનશે. ભૌગોલિક રીતે વિસ્તારની લંબાઈ-પહોળાઈ વધારે છે. પરંતુ મતદારો મધ્યમવર્ગીય સમાજના હોવાથી સમજણપૂર્વક મતાધિકારનો ઉપયોગ કરશે. પરંપરાગત ભાજપના મતદારો ધરાવતા વોર્ડ નં. ૬માં કોંગ્રેસની મથામણ પણ નોંધપાત્ર છે. અલગ અલગ વિસ્તારોમાં વહેંચાયેલા વોર્ડમાં વ્યાપક પ્રમાણમાં ક્રોસ વોટીંગ થવાનો ભય બંને પક્ષે છે. ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોના વિજયના દાવા છતાં આંતરિક ક્રોસ વોટીંગની ચિંતા બંને પેનલોને મુંઝવે છે. લોકવિકાસ મંચ પણ જેટલા મત મેળવશે તેટલી ખોટ ભાજપને પડશે. કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવી રહ્યું છે અને ભાજપ પણ પ્રતિષ્ઠાજનક બેઠક જીતવા વિશ્વાસ દઢતાપૂર્વક વ્યક્ત કરે છે. હજુ આવનારા પાંચ દિવસમાં કોણ કોનાથી આગળ વધે છે એ તો સમય જ કહેશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**શેઠ... કોઇ મોટામાં મોટી સીઝની લોલીપોપનો ઓર્ડર આપવા માંગે છે... કદાચ ગાંધીનગરથી ફોન હશે...!!**

# શહેરમાં મહાવીર જયંતિની ભવ્ય ઉજવણી કરાશે

## શોભાયાત્રા ઉપરાંત ટાઉનહોલ ખાતે વ્યાખ્યાન યોજાશે : ૭૨ ઈનામોનો લકી ડ્રો યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના જૈન સમાજ દ્વારા આગામી તા. ૨૦મી એપ્રિલ બુધવારના રોજ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં ભગવાન મહાવીર સ્વામીની ભવ્ય શોભાયાત્રા સહિત ટાઉનહોલ ખાતે કલ્યાણ બોધિ સુરીશ્વરજી મસા. અને આધ્યાત્મિક ગુરુ ફુલચંદભાઈ શાસ્ત્રીનું પ્રવચન યોજાશે તથા વિવિધ પુસ્તકોનું વિમોચન કરાશે.

મહાવીર સ્વામી જન્મ કલ્યાણક ઉત્સવ અંતર્ગત તા. ૨૦મી એપ્રિલે સવારે ૭.૩૦ કલાકે સેકટર-૨૧ના દિગંબર જૈન મંદિરથી પ્રભુજીની પ્રતિમા સહિત શોભાયાત્રા પ્રારંભ થશે. જે ચ-૫ થી સે-૨૨ના જૈન દેરાસર પહોંચશે. અહીંથી નિકળનારી શોભાયાત્રા સહિત બંને પાલખીઓ સાથેની જૈન સમાજના ત્રણેય ફિરકાઓની સંયુકત શોભાયાત્રા ૮.૧૫ કલાકે પ્રસ્થાન કરશે. આ સંયુકત શોભાયાત્રા આયુર્વેદ હોસ્પિટલ થઈ, સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, પંચદેવ મંદિર, સે-૨૧ અપના બજાર, દિગંબર જૈન મંદિરથી ચ રોડ થઈ સે-૨૨ જૈન દેરાસર ખાતે આશરે ૧૦ કલાકે ફરત ફરશે. આ શોભાયાત્રામાં બાળકો દ્વારા વેશભૂષા રજૂ કરાશે. આ બાળકોની અનુમોદના ગાંધીનગરના જૈન સોશ્યલ ગૃપ દ્વારા કરાશે.

શોભાયાત્રા બાદ સે-૧૭માં ટાઉનહોલ ખાતે ૧૦.૩૦ કલાકે આચાર્ય કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.નું વ્યાખ્યાન યોજાશે. આ ઉપરાંત આધ્યાત્મિક ગુરુ ફુલચંદભાઈ શાસ્ત્રીનું 'વર્ધમાનથી મહાવીર' વિષયે મનનીય પ્રવચન યોજાશે. આ કાર્યક્રમમાં દેવેશ મહેતાના લેખો તથા 'પ્રિયન'ની સમાલોચનાનું પુસ્તક 'ચમત્કારોની દિલધડક દાસ્તાન' તથા અન્ય એક પુસ્તિકા 'નમોક્કાર એક વિભાવના'નું વિમોચન કરાશે. કાર્યક્રમના સમાપન પ્રસંગે ૭૨ ઈનામોનો લકી ડ્રો કરાશે જેની પાસની કિંમત રૂ. ૧૫૦ રાખવામાં આવી છે જે ટાઉનહોલ ખાતેથી જ ઉપલબ્ધ થશે. લકી ડ્રો બાદ ટાઉનહોલના ફોયરમાં તમામ સંઘોનું સ્વામી વાત્સલ્ય યોજાશે.

## ખૂણે ખાંચરેથી...

- સબ નેશનલ ઈમીનાઈઝેશન ઝુંબેશ અંતર્ગત શહેરના ૧૫૦૦ જેટલા સ્લમ એરિયામાં રહેતા બાળકોને પલ્સ પોલિયોની રસી પીવડાવવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં ધીમી ગતિએ આઈપીએલનો જવર પ્રસરી રહ્યો છે.
- મતદાન માટે ઈ.વી.એમ. તૈયાર કરવામાં તંત્ર વ્યસ્ત બન્યું છે.
- ડોર ટુ ડોર અભિયાન બાદ હવે ઉમેદવારો દ્વારા ચોકઠા બેઠકોનું આયોજન ચાલી રહ્યું છે.
- ગાંધીનગરમાં ક્ષમતા કરતા વધુ પેસેન્જરો ભરી જતા વાહનો સામે પણ દંડનીય કાર્યવાહી થાય તેમ લોકો ઈચ્છી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં ગરમીનું પ્રમાણ વધતાં જ વીજમાંગમાં વધારો થવા પામ્યો છે.

# શહેરમાં પ્રથમવાર પ્રજાપતિ સમાજ દ્વારા રાષ્ટ્રીય યુવા પસંદગી મેળો યોજાયો

## શહેર પ્રજાપતિ સમાજ આયોજીત મેળામાં દેશભરમાંથી અંદાજે ૪૦૦ યુવક-યુવતિઓએ ઉત્સાહભેર ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના ઈતિહાસમાં પ્રથમવાર ટાઉનહોલ ખાતે પ્રજાપતિ સમાજ દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો જીવનસાથી પસંદગી મેળો યોજાયો હતો. ગાંધીનગર પ્રજાપતિ શુભારંભ કરાયો હતો. કાર્યક્રમમાં હાજર મહેમાનોનું શાબ્દીક સ્વાગત ગાંધીનગર પ્રજાપતિ સમાજના પ્રમુખ અલ્પેશ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે સંસ્થાના મહામંત્રી ભરતભાઈ પ્રજાપતિએ રાજસ્થાન, એમ.પી, ઉતરાંચલ સહિતના રાજયોમાંથી સમાજના આગેવાનો હાજર રહ્યા હતા. આ જીવનસાથી પસંદગી મેળામાં ૨૦૯ યુવક અને ૧૮૦ યુવતિઓ હાજર રહી હતી. શહેરના ટાઉનહોલ ખાતે




સમાજ દ્વારા આયોજીત ૧૨માં જીવનસાથી પસંદગી મેળામાં દેશભરમાંથી અંદાજીત ૪૦૦ થી વધુ લગ્ન ઈચ્છુક યુવક-યુવતિઓ જોડાયા હતા. આ પ્રસંગે સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

શહેરના ટાઉનહોલ ખાતે આજે ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા ૧૨માં જીવનસાથી પસંદગી મેળો તેમજ પ્રથમ રાષ્ટ્રીય યુવા પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત વી.ટી.પ્રજાપતિ, દેવેન્દ્રભાઈ પ્રજાપતિ, વિકાસભાઈ પ્રજાપતિના હસ્તે દિપ-પ્રાગ્ટય કરી કાર્યક્રમનો જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કક્ષાનો યુવક-યુવતિ મેળો રાજયભરમાં કયાંય યોજાયો નથી માત્ર ગાંધીનગરમાં યોજાયો છે. સમાજની તાતી જરુરીયાત મુજબ વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબની ગોળ પ્રથા બંધ કરીને દરેકને યોગ્ય પાત્ર મળી રહે તેમજ નજર દોડાવીને દરેકને યોગ્ય જીવનસાથી શોધવાની અમે અમુલ્ય તક ઉભી કરી છે. ઉચ્ચ અભ્યાસ કરેલ પાત્રોને સમકક્ષ પાત્ર મળી રહે તેવો પ્રયાસ કરાયો છે. પ્રજાપતિ સમાજ વાડાઓ છોડી સરહદો પાર કરી રહ્યા છે તે સારી બાબત છે. આ મેળામાં ગુજરાત, યુ.પી., પંજાબ, દિલ્હી, હરિયાણા, સવારથી જ પ્રજાપતિ સમાજના ભાઈ-બહેનો આવી પહોંચ્યા હતા. કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે સમાજના આગેવાન ગોંવિદભાઈ પ્રજાપતિ, રમેશભાઈ પ્રજાપતિ, સંજયકુમાર પ્રજાપતિ, પ્રભુદાસ પ્રજાપતિ, મનુભાઈ પ્રજાપતિ, સુરેશભાઈ પ્રજાપતિ, ભરતભાઈ પ્રજાપતિ, નિરંજન ઝાંઝમેરા, નવકાબેન પ્રજાપતિ હાજર રહ્યા હતા. જયારે આ આયોજન માટે હાજર સૌએ ગાંધીનગર પ્રજાપતિ સમાજને સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા કન્વીનર પોપટલાલ પ્રજાપતિએ ભારે જહેમત ઉઠાવી હતી.

# આંબેડકરની રેલી પરના હૂમલાને દલિત સેનાએ વખોડ્યો

ગાંધીનગર, તા. ૧૮

ભારતના બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી દેશમાં કરવામાં આવી હતી. જેના ભાગરૂપ અમદાવાદ જિલ્લાનો બાવળા તાલુકાના રજોડા ગામમાં આંબેડકરની રેલી પર ગામના માથાભારે તત્વો દ્વારા રેલી પર હૂમલો કરી રોકી દેવામાં આવી હતી.

આ ઘટનાને ગાંધીનગર જિલ્લા દલિતસેના સખ્ત શબ્દોમાં વખોડે છે. અને ફરીથી આવા બનાવો ન બને તે માટે કાયદેસર કાર્યવાહી કરવા સરકારમાં રજૂઆત કરેલ છે. તેમ અખબારી યાદીમાં જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલા, મહામંત્રી દિનકરભાઈ આર. પરમાર, ઉપપ્રમુખ ઘનાભાઈ કે. મિસ્ત્રીએ જણાવેલ છે.

# આંદોલન માટે વાણીવિલાસ કરનાર મુખ્યમંત્રીએ ગુજરાતની ગરીમાને કલંક લગાડ્યું છે : ડૉ. હિમાંશુ પટેલ

## ભાજપ સરકારે કમિટીઓ કે મીટીંગો યોજવાના બદલે ૧૫ - ૨૦ ટકા આર્થિક અનામતની તાત્કાલીક જાહેરાત કરવી જોઈએ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્યમાં દરેક વર્ગ માટે આર્થિક અનામત જાહેર કરવાના બદલે ફરી એકવાર અત્યાચાર ગુજારી આવા આંદોલનો તો ચાલ્યા કરે તેવું કહેનાર મુખ્યમંત્રી અને ભાજપ સરકારને એક મિનિટ પણ રાજ કરવાનો અધિકાર નહીં હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપ સરકારે રાજ્યની પ્રજાને પોતાનો અધિકાર આપવાના બદલે અમાનુષી અત્યાચાર ગુજારી ફરી એકવાર પોતાનો અસલી ચહેરો પ્રકાશિત કર્યો છે. મહેસાણા અને સુરતમાં અનામતની માંગણી માટે શાંતિપૂર્ણ રીતે જેલભરો આંદોલન કરી રહેલા પાટીદાર સમાજ ઉપર ફરી એકવાર અમાનુષી અત્યાચાર ગુજારી ભાજપે સમગ્ર રાજ્યની પ્રજાને બાનમાં લેવાનો પ્રયાસ કર્યો છે. પોલીસ અને એસ.આર.પી. દ્વારા બેફામ લાઠીચાર્જ, ટીયર ગેસ અને હવામાં ગોળીબાર કરવા સાથે સોસાયટીઓમાં ઘુસી જઈ જે ત્રાસ ગુજારવામાં આવ્યો છે તે રાજ્ય સરકારની સૂચના વિના શક્ય જ નથી. સમગ્ર રાજ્યની પ્રજાને ભયમાં મૂકનારી આવી ઘટના છતાં અહંકારમાં રાચતા ભાજપ સરકારના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આવા આંદોલનો તો ચાલ્યા કરે તેવો વાણીવિલાસ કરી ગુજરાતની ગરીમાને કલંકિત કરી છે.

લગભગ છેલ્લા એક વર્ષથી ચાલતા અનામત આંદોલનમાં ભાજપ સરકારે અસરકારક સમાધાનની ફોર્મ્યુલા દ્વારા કોઈક નક્કર ઉકેલ લાવવાના બદલે તેને કચડી નાંખવાનો જ પ્રયાસ કર્યો છે. મોટા ભાગે પાટીદાર નેતાોના માથે દોષારોપણ કરતા ભાજપ સરકારના મંત્રીઓ હવે કોંગ્રેસને પણ જવાબદાર ગણી રહ્યા છે ત્યારે ભાજપ સરકાર અને બેફામ વાણીવિલાસ કરતાં તેના મંત્રીઓએ એ સમજી લેવું જોઈએ કે, આનંદીબેન પટેલને મુખ્યમંત્રી પદેથી હટાવવા માટે ભાજપના જ ક્યાં નેતાઓ સક્રિય થઈ દોરીસંચાર કરી રહ્યા છે તેની હવે સમગ્ર રાજ્યને ખબર પડી ગઈ છે. આથી ભાજપ અને તેમની સરકારના મંત્રીમંડળે વાતોના વડા કર્યા વિના અનામત આંદોલન અંગે તાત્કાલીક ઉકેલ લાવવો જોઈએ. આ જેલભરો આંદોલનની પહેલા મીટીંગ કરી સમાધાનનો પ્રયાસ નહીં કરનાર ભાજપ સરકારની નીતિમાં ખોટ હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. પરીણામે ભાજપ સરકારે કમિટીઓ અને મીટીંગોના નાટકો બંધ કરી કોંગ્રેસની માંગણી પ્રમાણે દરેક વર્ગ માટે ઓછામાં ઓછી ૧૫ થી ૨૦ ટકા આર્થિક અનામતની તાત્કાલીક જાહેરાત કરવી જોઈએ. જેમાં માત્ર બે - પાંચ ટકાની લોલીપોપ આપતી જાહેરાતને કોંગ્રેસ ક્યારે કોઈ સમર્થન આપશે નહીં.

# આજે મુખ્યમંત્રી ધારાસભ્યો-સાંસદોને મળી શકશે નહિ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ મંગળવાર, તા. ૧૯ એપ્રિલ-૨૦૧૬ના દિવસે વડોદરા મહાનગરના વિવિધ વિકાસકામો તથા ૫૭૨ એલઆઈજી આવાસોના લોકાર્પણ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રીશ્રી તેમના પૂર્વ નિર્ધારીત અન્યત્ર રોકાણોને કારણે નાગરિકો-સાંસદો-ધારાસભ્યોને મુલાકાત માટે મળી શકશે નહિ. ૧૯ એપ્રિલ-૧૬ મંગળવારના આનંદીબહેન પટેલના આ પૂર્વનિર્ધારીત રોકાણોને અનુલક્ષીને તેઓ જાહેર જનતા સાંસદો-ધારાસભ્યોને મુલાકાત માટે મળી શકશે નહિ.





સમાજ સંમેલન : મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે સૌરાષ્ટ્ર કચ્છ સમાજનો સ્નેહમિલન સમારોહ સેક્ટર-૨૮ ખાતે યોજાયો હતો. સમાજના પ્રમુખ કુંવરજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં વોર્ડ નં. ૧ની ભાજપની પેનલના ઉમેદવારો અને પક્ષના વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.